# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૮ • તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૦૬ જાન્યુઆરી ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

# જખૌમાં રત્નટૂંક જૈન દેરાસરનો



# જીર્ણોદ્ધાર પૂર્ણતાના તબક્કે





# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

**LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA**



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# શિક્ષણ સાથે સારા સંસ્કાર મળે એ જરૂરી છે

શિક્ષણ માણસને શિક્ષિત કરે છે, પણ શું સંસ્કારી બનાવે છે? માત્ર અક્ષરજ્ઞાન મેળવીને માણસ પંડિત નથી ગણાતો કે શિક્ષણ પ્રાપ્ત કરનાર સારો માણસ નથી બની જતો. જો આ વાસ્તવિકતા હોત તો ભણેલો ગણેલો વ્યક્તિ ગુનેગાર ન હોય પણ થાય છે ઊલટું. શિક્ષણ પ્રાપ્ત કરેલો વ્યક્તિ વધુને વધુ ઊઠાં ભણાવવામાં ઉસ્તાદ થઈ જાય છે અને પોતાનું નામ ક્રિમિનલ પ્રોફાઈલમાં દર્જ કરાવી દે છે. દરેકને કંઈ રીતે છેતરી શકાય એના જ ખ્યાલમાં એ સતત રહ્યા કરે છે. માણસને માટે શિક્ષણ મેળવું જરૂરી છે. એનાથી જ તો એની પ્રગતિ થાય છે. સાથો સાથ જો પોતાના સંસ્કારને એ ન સાચવી શકે તો અધોગતિ ભણી પણ એ જ ધકેલાય છે.

શિક્ષણ આપણી સામે જ્ઞાનની અનેક બારીઓ ઉઘાડી દે છે. પણ આપણી હોંશિયારની કસોટી ત્યારે થાય છે કે આપણો મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. અભણ, અજ્ઞાની, અપરાધી કરતાં શિક્ષિત, સમજુ અને સભ્ય કહેવાતો વ્યક્તિ જ ક્રિમિનલ તરીકે વધુ ખતરનાક હોય છે. અભ્યાસ મેળવનાર નામવંત બની શકે છે ને નામચીન પણ થઈ શકે છે. બાહોશ થઈ શકે છે તે બદમાશ પણ થઈ શકે છે. શિક્ષિત બનનાર ચીલો ચાતરીને શાતિર પણ બની શકે છે. આ બધો આધાર શિક્ષિત થનાર સરવાળે પોતાના જ્ઞાનનો ઉપયોગ, શિક્ષણ અભ્યાસનો પ્રયોગ ક્યા વિચાર પ્રવાહ તરફ વાળે છે તેની ઉપર મુખ્યત્વે રહેલો છે.

અગાઉ શિક્ષકને માસ્તર તરીકે ઓળખતા. જે મા ના સ્તર ઉપર રહીને જ્ઞાન, શિક્ષણ અને સંસ્કારનું રોપણ કરતા હતા. પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે લક્ષ આપી તેની સમજ પાંગરે એ માટે જહેમત લેતા હતા. એ શિક્ષકો ખરી રીતે મિત્ર, માર્ગદર્શક અને રહેમિયત રાખનારા હતા. જે ભાવના આજે શૂન્ય થઈ ગઈ છે. ગયા જમાનાની વાત ઊલટી વળી ગઈ છે. આખી પધ્ધતિ, કેળવણીની તરેહ જ પરિવર્તન પામી છે. એમાં શિક્ષકોનો જ શું ગુનો? આખી સિસ્ટમ ધરમૂળથી બદલાઈ ગઈ છે. યંત્રવત શિક્ષણ પધ્ધતિ થઈ ગઈ છે અને શિક્ષકો તો માત્ર પોતાની ડ્યૂટી બજાવતા મૂક્ત થઈ ગયા છે અને સંસ્કાર રોપણનો આખો બોજ મા-બાપ, પરિવારજનો અને સમાજ પર આવી ગયો છે. જેને લીધે બાળકો બહારથી જ્ઞાન મેળવે છે અને પોતાના સંસ્કારને પાંગરે છે.

સંસ્કારી બનવા માટે સારું શિક્ષણ, સારી સંગત અને સારો સાથ મળવો જરૂરી છે. મશીનના બળે સંચાલિત પૈડું પૂરપાટ વેગે દોડે છે પણ તે કઈ દિશા પકડે, ક્યા વળાંકે વળે એ માટે તેની ઉપર કન્ટ્રોલ કરનાર સ્ટિયરિંગ હોવું જરૂરી છે. તેની ઉપર કન્ટ્રોલ કરનાર હોંશિયાર, બાહોશ ચાલક હોવું જરૂરી છે. તો જ વ્હીલના વેગને સાચી, સારી ગતિ મળે, પ્રગતિ મળે. શિક્ષણ સારું મળે તે સાથે સુસભ્ય સંસ્કાર મળે, માનવતા લક્ષી આદર્શ સિધ્ધાંત અને સંવેદના ભર્યા વિચાર આચાર જો મળે તો ભવિષ્ય ઉજ્જવળ અને ઉન્નત બને એ નક્કી છે.

– જય જ્ઞાતિમૈયા

# નાનો કણ મણ જેવો ન થવા દેવો

આપણા જીવનના વિકાસ અને પ્રગતિ માટે કેટલાક લોકોનો પ્રત્યક્ષ-પરોક્ષ સહારો મળ્યો હોય છે, મદદ મળી હોય છે. જીવનમાં ઊંચા આણવા કોણ માર્ગદર્શક બન્યું છે, પથદર્શક બન્યું છે એના બધાનો હિસાબ કરીએ તો તેનો આરો આવે નહીં. અસંખ્ય ને અગણિત લોકોનું ઋણ આપણી ઉપર ચડેલું હોય છે. જ્યારે ગહન ભાવથી વિચારીએ ત્યારે સમજણ પડે કે કોનું કોનું કેટલું ઋણ આપણે ચૂકવી શક્યા છીએ. ઋણ વધતું જાય છે જે પછી ક્યારે ચૂકવી શકાતું નથી, એટલે જ જ્ઞાની સંતો કહે છે કે હવે ઋણ, સહકાર, ઉદાર ભાવ લેવાનું બંધ કરી ચૂકવવાનો ભાવ રાખો.

ઘાવ નાનો હોય તેની અવગણના કરી, ઉપેક્ષા કરીએ તો ધીરે ધીરે એ ઘાવ મોટો થઈ જશે અને વેદના અસહ્ય થઈ રહેશે. તે પછી કાબૂ કરવું મુશ્કેલ બનશે. એ પછી શરીરનો ઘાવ હોય કે મન પર પડેલો ઘાવ હોય. ગેરસમજ કે મતભેદનું જલદીથી નિરાકરણ ન કરાય તો મન ભેદ સુધી વાત પહોંચે અને ગૂંચો વધતી ચાલે. જે જલ્દીથી ઉકેલી શકાતી નથી. મન મોતી અને કાચ એક વખત તૂટ્યા પછી સંધાતા નથી. તેની તિરાડ ભરાતી નથી અને તડ સામે જ રહે છે એ જોઈ સહન કરી શકાતી નથી. કડવી વાતો અને કટુ યાદો મનમાં સંગ્રહિત કરવી નહીં જોઈએ. તેની જલ્દીથી સ્પષ્ટતા કરી લેવી અને આત્મનિરીક્ષણ કરી ભૂલ હોય તો કબૂલ કરી લેવી.

સંતો કહે છે કે આગના તણખાને નાનો નહીં સમજતા. નાનો એવો તણખો, નાની એવી ચિનગારી મોટા મોટા મહાલયોને ભસ્મી ભૂત કરી શકે છે. હવાના જોરે એ વિકરાળને વિરાટ બની જાય છે પછી ભલે એ આગ વેરઝેરની હોય, ઈર્ષાની હોય કે અદેખાઈની હોય. આવા પ્રકારની આગ લાગતાની સાથે ઝટ બૂઝાવી દેવી જરૂરી છે નહીં તો અનેક હૈયાને નિંદી નાખશે. હૈયાની હોળીથી માણસ પોતે સળગે છે અને બીજાને પણ સળગાવે છે. ક્રોધ શમી ગયા પછી ભાન થાય છે કે ખોટું થઈ ગયું. પણ પછી ક્રોધનું શમન કરવું ભારી પડે છે. એનાથી સર્જાયેલી નુકશાની પછી પસ્તાવો પણ કંઈ કારગત બનતો નથી.

તે જ પ્રકારે કષાયોને અલ્પ સમજવા નહીં. જૈન ધર્મની પરિભાષામાં આ બહુમૂલ્ય શબ્દ છે. કષાય એટલે જેનાથી આપણે બંધાઈ ગયા છીએ તે ક્રોધ, લોભ, મોહ, માયા અને માન. આ બધા જીવનને જકડી લેતા બંધનો છે. આ બંધો વળગે છે ત્યારે માણસ ગુલામી અવસ્થામાં હોય છે. સાચી રીતે કહીએ તો આ કષાય બંધનો કપાઈ જાય, છૂટી જાય ત્યારે સાચો મનુષ્યત્વ પામે છે. કષાયોના જાળા ધીરે ધીરે ભોરીંગ જેમ વિસ્તરતાં જઈ જડમૂળથી જકડાઈ જાય છે. ફેલાઈ જવું, પ્રસરી જવું એ પ્રકૃત્તિનો નિયમ છે. પછી એ પદાર્થ હોય, બીજ હોય કે કોઈ સ્વભાવ, કુટેવનું બંધન, વળગણ હોય. નાના બીજ જલ્દીથી મોટા રોપ થઈ મજબૂત થડની જેમ ખૂંપી જાય છે. માટે કોઈપણ વસ્તુને અલ્પ સમજવી નહીં. તેના પ્રત્યે સાવધાન રહી કષાયોને મૂળમાંથી કાપી નામશેષ કરવા.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે સદૈવ જાગૃત રહેવું, સજાગ રહેવું. ગાફેલ બનવું નહી. નાનો લાગતો કર્જ, ઘાવ, કષાયને વધે એ પહેલા વાઢી જડમૂળથી હાંકી કાઢવાને સપાટ કરવામાં જ આપણી ભલાઈ છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જખૌમાં રત્નટૂંક જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર પૂર્ણતાના તબક્કે

જીર્ણોદ્ધાર પહેલાં





જૈન મોટી પંચતીર્થી પૈકીના એક એવા અબડાસાના જખૌ ગામે ૧૭૫ વર્ષ પૌરાણિક એવા રત્નટૂંક જૈન દેરાસરનો રૂા. ચાર કરોડથી વધુના ખર્ચે જીર્ણોદ્ધારનું કામ પૂર્ણતાના તબક્કે પહોંચ્યું છે.

રત્નટૂંક જૈન દેરાસરનો ભૂકંપ બાદ પ્રથમ વખત જીર્ણોદ્ધાર થયો છે. કલાત્મક એવા આ દેરાસરનો કેટલોક હિસ્સો સંગેમરમરથી જડવામાં આવ્યો છે. દેરાસરની અંદર મૂળનાયક મહાવીર સ્વામી, સુવિધિનાથ દાદા, આદેશ્વર દાદા ઉપરાંત ૧૦ ડેરી સાથે ૯૯ પ્રતિમા આવેલી છે. પંચતીર્થી પૈકીના એક એવા આ પાવનતીર્થ સ્થળે કોરોના પછી સતત જૈન યાત્રિકોનો પ્રવાહ વધી રહ્યો છે. ભાવિકોની માગણી અને લાગણીને ધ્યાને લઇ દેરાસરના કચ્છી દશા ઓશવાળ જખૌ જૈન મહાજનના નેજા હેઠળ જીર્ણોદ્ધાર કાર્યમાં કલ્યાણજી આણંદજી પેઢીનો મુખ્ય સહયોગ સાંપડયો છે. તેમના દ્વારા ૧૨ હજાર ચોરસ ફૂટ સંગેમરમર અને રૂા. ૮૦ લાખનું માતબર દાન અપાયું છે તેમજ શ્રી શીતલનાથ સંસ્થાન ધુલીયા વાસુપૂજ્ય જિનાલય ટ્રસ્ટ મુલુંડ અને ભારતભરના અનેક જિનાલયોમાંથી સહાયતા મળી છે. અબડાસા પંચતિર્થીના સુથરી તેમજ તેરા જિનાલય ટ્રસ્ટનું યોગદાન મળેલ છે. ઉપરાંત દેશાવરના વિવિધ દેરાસરો દ્વારા પણ માતબર દાન અપાતાં જીર્ણોદ્ધાર કાર્ય હાથ ધરી શકાયું હોવાનું સત્તાવાર રીતે જણાવાયું છે.

તો રૂા.૮૦ લાખના ખર્ચે શ્રી કાંતિલાલ કરમશી વિકમશી નૂત્તન અતિથિ ગૃહનું કાર્ય પૂર્ણ થયેલ છે. જેમાં ૧૨ એ.સી. રૂમ અને ૨ ડોરમેટરી હોલ છે તદ્દુપરાંત ભોજનશાળાનું નૂત્તનીકરણ પણ ટૂંક સમયમાં હાથ ધરાશે. આગામી વર્ષે તા.૨૩ ડિસેમ્બરથી તા.૨૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ જખૌ ખાતે ત્રિહાન્હિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયેલ છે. જેમાં સૌ ભાવિકોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે.

# જખૌમાં રત્નટૂંક જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર પૂર્ણતાના તબક્કે

## જીર્ણોદ્ધાર પછી

















# જખૌમાં રત્નટૂંક જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર પૂર્ણતાના તબક્કે

## જીર્ણોદ્ધાર પછી













|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ

## શ્રી રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

હેડ ઑફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, મેન પોસ્ટ જખૌ, તા. અબડાસા - ૩૭૦ ૬૪૧.

## સ્નેહમિલન રવિવાર તા. ૮-૧-૨૦૨૩

**સ્નેહસંમેલન દરમ્યાન નીચે મુજબ વિવિધ ચડાવા તથા નકરાની બોલી નવકાર મંત્ર આરાધક, શ્રધ્ધેય શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા લેવામાં આવશે.**

## ધ્વજા મહોત્સવના કાર્યક્રમો :

૧) જેઠ સુદ ૧૦ ૨૦૭૯ સોમવાર તા. ૨૯ મે ૨૦૨૩, સાંજે શ્રી મહાકાળી માતાજીની ભાવના

૨) જેઠ સુદ ૧૧ ૨૦૭૯ મંગળવાર તા. ૩૦ મે ૨૦૨૩ ના ૧૭૬ મી ધ્વજા રોહણ ત્યારબાદ નુતન અતિથી ગૃહનું નામકરણ તથા લોકાર્પણ

## ધ્વજા મહોત્સવના વિવિધ ચડાવા :

- પર્યુષણ પર્વના સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૩૦,૦૦૦/- એવા ૧૫ નામ વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

૧) સ્નેહમિલનમાં મહેતાજી બનવાનો લાભ લેનાર નો ચડાવો

૨) અષ્ટ પ્રકાર પૂજાની સામગ્રીનો ચડાવો.

૩) ધ્વજા રોહણ : ૧) શ્રી મહાવીર સ્વામી (કાયમી ધજા) ૨) શ્રી સુવિધીનાથ સ્વામી ૩) શ્રી આદેશ્વર દાદા ૪) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી ૫) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ૬) શ્રી શાંતિનાથ ભગવાન ૭) શ્રી ગોડીજી પાર્શ્વનાથ.

બાકી ચડાવા સ્થાનિકે તા. ૨૯-૫-૨૦૨૩ ના મહાકાળી માતાજીની ભાવના વખતે લેવામાં આવશે.

## શતકોત્તર અમૃત મહોત્સવ તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૩

**વિવિધ કાર્યક્રમો, નકરા તથા ચડાવા**

### પ્રથમ દિવસ : શનિવાર તા. ૨૩-૧૨-૨૦૨૩

શ્રી કુંભ સ્થાપના • શ્રી અંખડ દિપક સ્થાપના • શ્રી જ્વારા રોપણ • શ્રી દસ દિક્પાલ પાટલા પુજન • શ્રી અષ્ટ મંગલ પાટલા પુજન

### દ્વિતીય દિવસ : રવિવાર તા. ૨૪-૧૨-૨૦૨૩

પરમાત્માની ભવ્યાતીભવ્ય રથ યાત્રામાં પ્રભુજીને લઈને બેસવાનું • ભગવાનના રથના સારથી બનવાનું • ભગવાનના પોખણાં

અઢાર અભિષેકના નકરા : ૧) શ્રી મહાવીર સ્વામી - ૧૮ અભિષેક રૂા. ૨,૪૦૦/- દરેક અભિષેક

૨) શ્રી સુવિધીનાથ દાદા - ૧૮ અભિષેક રૂા. ૨,૦૦૦/- દરેક અભિષેક

૩) શ્રી ચૌમુખી આદેશ્વર દાદા - ૧૮ અભિષેક રૂા. ૨,૦૦૦/- દરેક અભિષેક

### તૃતીય દિવસ : સોમવાર તા. ૨૫-૧૨-૨૦૨૩

ધ્વજા રોહણ : લઘુ શાંતી સ્નાત્ર પુજન ની ૨૭ ગાથા × ૨ (૫૪) રૂા. ૧૧૦૦/- દરેક ગાથાના

| | | |
|---|---|---|
| ૧) | ત્રિહાન્હિકા મહોત્સવના શિરોમણી દાતા | |
| ૨) | ત્રિહાન્હિકા મહોત્સવના મોભી દાતા | |
| ૩) | આમંત્રણ પત્રિકા : જય જિનેન્દ્ર દઃ નો ચડાવો | |
| ૪) | ક્ષત્રિય કુંડ નગરી આરાધના હૉલ | |
| ૫) | ભરત ચક્રવતી ભોજન ખંડ | |
| ૬) | આધારસ્તંભ નકરા : ગોલ્ડન દાતા - રૂા. ૧,૦૮,૦૦૦/- તથા સીલ્વર દાતા - રૂા. ૫૪,૦૦૦/- | |
| ૭) | આવાસ વ્યવસ્થા | |
| ૮) | વાહન વ્યવસ્થા | |
| ૯) | સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન પાણીની વ્યવસ્થા નો નકરો | રૂા. ૧,૧૧,૦૦૦/- |
| ૧૦) | સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન ચા/ઉકાળો/કૉફી નો નકરો | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ૧૧) | સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન દેરાસરમાં તથા પ્રાંગણમાં વિવિધ લાઈટીંગ નો નકરો | રૂા. ૨,૫૧,૦૦૦/- |
| ૧૨) | સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન ફોટોગ્રાફી, વિડીયો, યુ-ટ્યુબ લાઈવ નો નકરો | રૂા. ૨,૫૧,૦૦૦/- |
| ૧૩) | આરાધના હૉલ નુતનીકરણ ફુટના ૧ હજાર રૂપિયાના હિસાબે વધારેમાં વધારે ફાળો લખાવવા વિનંતી. | |
| ૧૪) | ઉપાશ્રય નુતનીકરણ નકરો | રૂા. ૧૫,૦૦,૦૦૦/- |

### -: સાધર્મિક ભક્તિ :-

| | |
|---|---|
| ૧) સંપૂર્ણ પ્રથમ દિવસનો નકરો - રૂા. ૫,૫૫,૫૫૫/- | ૧) સવારની નવકારશી દિવસ દીઠ - રૂા. ૧,૬૧,૦૦૦/- |
| ૨) સંપૂર્ણ દ્વિતીય દિવસનો નકરો - રૂા. ૫,૫૫,૫૫૫/- | ૨) બપોરનું જમણ દિવસ દીઠ - રૂા. ૨,૫૧,૦૦૦/- |
| ૩) સંપૂર્ણ તૃતિય દિવસનો નકરો - રૂા. ૫,૫૫,૫૫૫/- | ૩) સાંજે ચૌવિહાર દિવસ દીઠ - રૂા. ૧,૬૧,૦૦૦/- |

૧૭૬ મી વર્ષગાંઠ નિમિત્તે આપ સૌ ફુલ નહીં તો ફુલની પાંખડી રૂપે આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી ત્રિહાનિકા મહોત્સવને સફળ બનાવશો. કાર્યક્રમ દરમ્યાન ફોન કે વોટ્સએપ દ્વારા યોગેશ એચ. મુનવર - 98337 95212 નો સંપર્ક કરી ઉછામણીનો લાભ લઈ શકો છો. લાઈવ કાર્યક્રમ માણવા આપ સૌને ટુંક સમયમાં યુ-ટ્યુબ ની લીંક મોકલવામાં આવશે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જખૌ મહાજન તથા ટ્રસ્ટ વતી,**


**વ્યવસ્થાપક સમિતિના સભ્યો, અધિકારી ગણ અને ટ્રસ્ટીગણ**


RESHVA GEOGRAPHIC
You Dream It , We Plan It

# કાશ્મીર

## ભારત - નું - સ્વર્ગ

માર્ચ થી જુન,
રોજ ઊપડશે.



શ્રીનગર | ગુલમર્ગ | પહેલગામ | સોનમાર્ગ

### પેકેજ સમાવેશ થાય છે :-

- સારા સ્થાન પર હોટેલ (★★★☆☆)
- પ્રાઈવેટ વાહન
- આપણા રસોડામાં રાજસ્થાની મહારાજ દ્વારા શુધ્ધ ગુજરાતી રસોઈ અને જૈન પણ
- ગુજરાતી ટુર મેનેજર
- શિકારા રાઇડ
- ગોંડોલા રોપવે

### પેકેજ :-

Rs 25,499/- વ્યક્તિ દીઠ
(મિનિમમ 4 વ્યક્તિઓ)
(6 થી વધારે ના ગ્રુપ પર સ્પેશિયલ ડિસ્કાઉન્ટ)



Made by Rajasthani Maharaj
100% Pure Veg
& Jain food

**હાર્દિક સિયાલ** (અનુભવી ટુર ઓપરેટર)

+91-7051575429 /
+91-9987275429

www.reshvageographic.in

_reshva_geographic_

info@reshvageographic.in

# કચ્છ બાંડિયા નગરે શ્રી વિમલનાથ દાદાના અભિષેક કરી ધર્મ આરાધનાઓ થઈ

કચ્છ વિભાગના અબડાસાના બાંડિયા ગામે પ.પૂ.સાધ્વીશ્રી સમકિત ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી વિમલનાથ દાદાના અભિષેકનું ભક્તિભાવથી આયોજન થયું હતું. આ ધર્મ આરાધનામાં ભાવિકજનો ઉત્સાહપૂર્વક સહભાગી થઈ ધર્મ લાભ લીધો હતો.



# શ્રી રેલડીયા મંજલ નગરે શ્રી આદેશ્વરજી જિનાલયે ૧૪૧ મા ધ્વજા મહોત્સવનું આમંત્રણ

શ્રી આદેશ્વર દાદાની અસીમ કૃપાએ રેલડીયા મંજલ નગરે શ્રી આદેશ્વરજીના જિનાલયનો ૧૪૧મા ધ્વજા મહોત્સવનું આયોજન વૈશાખ સુદ ૧૦ અને વૈશાખ સુદ ૧૧ના તા.૨૯ એપ્રિલ શનિવાર તથા રવિવાર તા.૩૦ એપ્રિલ ૨૦૨૩ના કરાયું છે. જે વિદ્યમાન જિનાલય માટે અંતિમ હોવાની શક્યતા છે. જેમાં પધારવાનું ક.દ.ઓ., ક.વિ.ઓ. મહાજનના સૌ સભ્યોને તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવાનું આમંત્રણ શ્રી આદેશ્વર મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ મુંબઈના ટ્રસ્ટ બોર્ડ દ્વારા અપાયું છે.

આપની મંજલ નગરે પધારવાની વ્યવસ્થા કરી નીચે જણાવેલ કોઈપણ નંબર પર સંપર્ક કરી જણાવશો જેથી સુચારૂપણે વ્યવસ્થા કરી શકાય.

ધ્વજા મહોત્સવના કાર્યક્રમની વિગતવાર રૂપરેખા તેમજ વિવિધ આદેશો આપવા ઘાટકોપર મધ્યે ફેબ્રુઆરી મહિનામાં મિટીંગ રાખવાનું આયોજન થઈ રહ્યું છે.

સંપર્ક હુકમચંદ ધરમશી-૯૭૦૨૦૩૬૩૩૦, રમેશ ગોસર-૭૦૨૧૮૧૪૦૫૧.

# પૂજ્ય સાહેબોની નિશ્રામાં બંજારા હિલ્સમાં અયુપના સથવારે જીવન ઉત્કર્ષ સાધના શિબિર યોજાઈ

તા.૨૫ ડિસેમ્બર રવિવારથી શહાપુરથી ૨૨ કિ.મી. દૂર બંજારા હિલ્સમાં 'જીવન ઉત્કર્ષ સાધના શિબિર'ના બીજા દિવસે સવારે ૫.૩૦ થી ૯ સુધી પહેલું સેશન અને ૧૦.૩૦ થી ૧૨.૩૦ સુધી બીજું સેશન એવી રીતે અલગ અલગ પાંચ સેશનમાં શિબિરાર્થીઓને મોટીવેશન આપવામાં આવ્યું હતું.

તા.૧ જાન્યુ. ૨૦૨૩ સુધી શ્રી અખિલ ભારત અચલગચ્છ યુવક પરિષદ અયુપના સથવારે ધ્યાનયોગી સાધના સમ્રાટ પ.પૂ.ગુરૂદેવ ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને ઓજસ્વી પ્રવચનકાર યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં 'જીવન ઉત્કર્ષ સાધના શિબિર'ની શુભ શરૂઆત તા.૨૪ ડિસેમ્બર શનિવારથી થઈ. જેમાં યુવા ભાઈ બહેનો ઉત્સાહથી આમાં સહભાગ લીધો હતો.

અયુપના મનોજભાઈ દામજી આણંદજી લોડાયા બાંડિયા-ભાંડુપ સારી જહેમત લીધી.

# આદિપુર-અંતરજાળમાં મહાવીર નગરે વિમલનાથ જિનાલયનો ૧૦મો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો



અજોડ શાસન પ્રભાવક, ૨૨મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિની પાવનકારી નિશ્રામાં વિધિકાર રાજાભાઈ નંદુના સથવારે કચ્છ પ્રદેશના પૂર્વ વિભાગ વિસ્તારના આદિપુર-અંતરજાળના મહાવીર નગરના વિમલનાથ જિનાલયનો ૧૦મો ધ્વજારોહણ મહોત્સવ અદ્‌ભૂત ધર્મભાવ અને આનંદ ઉમંગના સથવારે સંપન્ન થયો.



# અજોડ શાસન પ્રભાવક તપસ્વી રત્ન પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પૂર્વ કચ્છના નગરોમાં પધરામણી કરી



અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. પૂર્વ કચ્છ વિભાગના આદિપુર, ગાંધીધામ, ભારત નગર, નાકોડા નગરે પધાર્યા ત્યારે ભાવિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સંઘો દ્વારા ઉત્સાહપૂર્વક સામૈયું કરી ધન્યતા અનુભવી હતી. પૂજ્ય સાહેબના સુંદર પ્રવચન સત્રો ચાલ્યા. જેનો ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ લાભ લીધો હતો.


NATIONAL
YUVA KDO
OLYMPICS
Teams from all Ekkam
to participate
Contact for Details & Registration
Maharashtra Region
Urvesh Dand - 8698502783
Rashi Chheda - 9503023535
Uttar Region
Vaibhav Khona - 9669113399
Purvesh Lodaya- 9630063265
Mumbai Region
Labdhi Lodaya - 9757296740
Bhavya Dand - 9326738045
Paschim Region
Gunjal Lodaya - 9099981373
Viral Mota- 9423720576
Dakshin Region
Meet Luthia - 9986081028
Gautam Lodaya - 8848784634
Kutch Region
Shrut Dand - 7400282981
Nayan Lodaya - 9978691295
Age: 16-35 yrs
4th - 5th Feb 2023
Venue - Offshorts Turf,
Nirmals Lifestyle, Mulund
Hemil Jayesh Dand
Chairman
9819985339
Kunal Tilakchand Dagha
Trustee, Convener
7567118599
Ekta Udayan Lodaya
Event-Convener
9769502277
Urvesh Bharat Chheda
Event-Convener
9022023778

# અમદાવાદની સંસ્થા વ્યાપાર જગત દ્વારા શ્રી પ્રબોધ મુનવરને પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ જાહેર કરાયો

શ્રી માનવ જ્યોત ભુજના માધ્યમથી આત્મનિર્ભર અભિયાનમાં વિશિષ્ટ કાર્ય માટે કોઠારા-ભુજના સુવિખ્યાત સામાજિક કાર્યકર શ્રી પ્રબોધ હિરાચંદ મુનવરને અમદાવાદની સંસ્થા વ્યાપાર જગત તરફથી પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ માટે ફર્સ્ટ રનર અપ જાહેર કરાયા છે.

આગામી તા.૧૬ જાન્યુઆરી સોમવારે વર્લ્ડ ટ્રેડ સેન્ટર મુંબઈમાં યોજાનારા એવોર્ડ સમારોહમાં તેમને એવોર્ડ એનાયત કરાશે. આ ગૌરવ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી પ્રબોધ મુનવરને હાર્દિક અભિનંદન સાથે ઉતરોતર સિધ્ધિ શિખર પ્રાપ્ત કરો એ શુભકામના.




# શ્રી લાલા નગરના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયના ૧૧૬મા ધ્વજારોહણ અવસરે ત્રિહાન્હિકા મહોત્સવનું ભાવભર્યું આમંત્રણ

કચ્છના અબડાસા તાલુકાના લાલા નગરના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયના ૧૧૬મા ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન મહા સુદ ૩ સોમવાર તા.૨૩ જાન્યુઆરીથી મહા સુદ ૫ વસંતપંચમી બુધવાર તા.૨૫ જાન્યુઆરી દરમ્યાન કરાયું છે. જેમાં લાલા તથા રાણપર ગામવાસીઓ નિયાણી બહેનોને સહપરિવાર તથા કદઓ જ્ઞાતિજનોને લાલા તીર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન ટ્રસ્ટ વતી ટ્રસ્ટીગણ તથા મહાજનશ્રીના પદાધિકારીઓ તેમજ ત્રિહાન્હિકા મહોત્સવ સમિતિના સર્વે સભ્યો તરફથી ભાવભર્યું આમંત્રણ અપાયું છે.

ત્રિહાન્હિકા મહોત્સવ કાર્યક્રમની રૂપરેખા મુજબ **પ્રથમ દિને તા.૨૩ જાન્યુ. ૨૦૨૩ સોમવાર**ના સવારે ૭ કલાકે વીરના વારસદારો શ્રમણ-શ્રમણી ભગવંતોનું સામૈયું સવારે ૮.૩૦ કલાકે ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે પધારેલ સર્વે મહેમાનોનું હાર્દિક સ્વાગત. બપોરે ૨ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજન, બપોરે ૪ કલાકે નિયાણી બહેનોનો સામૂહિક મેળાવડો, રાત્રે ૮ કલાકે ભક્તિ ભાવના અને સાંસ્કૃતિક કાર્યક્રમ.

દ્વિતીય દિન તા.૨૪ જાન્યુઆરી મંગળવાર સવારે ૯ કલાકે તકતી અનાવરણ. અતિથિ ગૃહ ભોજનશાળા અને પૂજારી રૂમ, સવારે ૧૦.૩૦ કલાકે લાભાર્થી પરિવારોનું સન્માન, બપોરે ૧૨.૩૯ કલાકે અઢાર અભિષેક, રાત્રે ૭.૩૦ કલાકે કુમારપાળ મહારાજાની મહાઆરતી, રાત્રે ૮ કલાકે ભક્તિ ભાવના અને સાંસ્કૃતિક કાર્યક્રમ.

તૃતીય દિન બુધવાર તા.૨૫ જાન્યુ. ૨૦૨૩ સવારે ૮.૩૦ કલાકે સતરભેદી પૂજા સહ શુભ મુર્હૂતે જિનાલયે ૧૧૬મો ધ્વજારોહણ, સાંજે ૬ કલાકે ચોવિહાર બાદ ભુજ તરફ પ્રયાણ. ત્રિહાન્હિકા મહોત્સવના વિધિકાર કેવલભાઈ સાવલા અને સંગીતકાર કિશોરભાઈ સંઘાર અને સાથી કલાકારો.

વિશેષ નોંધ : આપશ્રીના આગમનની આગોતરી નોંધ મહાજનને જરૂરથી જણાવશો. જેથી સુચારૂ વ્યવસ્થા થઈ શકે. લાલા તીર્થે ઉતારાની વ્યવસ્થા મહાજન દ્વારા સામૂહિક ધોરણે રહેશે. સવારની નવકારશી, બપોરની ધાર્મિક ભક્તિ અને સાંજનું ચોવિહાર વ્યવસ્થા જૈન સમાચારી પ્રમાણે સમયસર રહેશે.


SHRI K.D.O. JAIN SARVODAY MANDAL, MULUND
PRESENTS
RAMATOTSAV
3.0
POWERED BY
HD FIRE PROTECT
IT'S TIME TO GET YOUR GAME ON
JOIN US TO CELEBRATE THE SPORTS EVENT
EVENT DATE
12TH FEB 2023
LAST DATE OF REGISTRATION
3RD JAN 2023
AGE GROUP 15 - 30 YEARS
Basketball (Girls)
Football (Boys)
AGE GROUP 31 - 50 YEARS
Throw ball (Women)
Volleyball (Men)
AGE GROUP 50 & ABOVE
Lagori (Women)
Cricket (Men)
FOR REGISTRATION CONTACT
PREM CHURLA +91 98202 91869 | BHOUMIK SHAH +91 99670 32100

# સંજીવની કેસ નં.૯૨ના ફેસ ૨ સર્જરી માટે રૂા.૧.૬૫ લાખ જમા કરવાનો છે પડકાર




૨૬ વર્ષીય શ્રીમતી ભક્તિ રાહુલ દંડ લાલા (ભુજોડી-કચ્છ) ડાબા પગની વિકૃતિ જે કોન્જેનિટલ ટેલિપ્સ ઈક્વિનો વરસ તરીકે ઓળખાય છે. તેનાથી પીડિત છે તેણીનું પ્રથમ તબક્કાનું ઓપરેશન ઓગસ્ટ ૨૦૨૨ કરાયું હતું. હવે બીજા તબક્કાની સર્જરી કરવી જરૂરી છે. જે અમદાવાદમાં ઓર્થોપેડિક સર્જન દ્વારા થશે. જેમાં પ્લાસ્ટર સાથે સુધારાત્મક ઓસ્ટિઓટોમી અને ફિક્સેશન કરાશે.

કોઈ વીમો કે નથી કોઈ મોટી બચત. ભાડાના મકાનમાં પતિ અને સાસરિયાઓ સાથે રહે છે. પતિ ખાનગી પેઢીમાં સર્વીસ કરે છે. જેના પગારથી ઘરના માસિક ખર્ચ માંડ પૂરા થાય છે. બીજા તબક્કા માટે રૂા.૧.૬૫ આપી સહાયની જરૂરત છે. ભક્તિબેન દંડની ઉગતી યુવાની અવસ્થામાં તેમને ટેકો આપી સધિયારો બની એ અને હૂંફ પ્રદાન કરીએ જેથી તેઓ કપરાકાળમાંથી સુખરૂપે બહાર આવી જાય. તેમના પ્રથમ તબક્કે સર્જરી માટે સુયોગ્ય સાથ આપ્યો એવી રીતે આ બીજા તબક્કાની સર્જરી માટે માનવતા દિલમાં ધરી સત્વરે સહાય આપીએ. જેથી સુયોગ્ય સારવાર લઈ સ્વસ્થતાભેર સ્વઘરે પરત ફરે. ૮૦જી અંતર્ગત કર લાભ મેળવવા ડોનરએ પૅન અને આધારકાર્ડની નકલ મોકલવી જરૂરી છે.

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ દ્વારા TKLD ક્રિકેટ પ્રીમિયર લીગનું આયોજન

શ્રી તેરા કુવાપધ્ધર લાખાણીયા ધુફી જૈન યુવક સંઘ-મુંબઈ દ્વારા ટીકેએલડી પ્રીમિયર લીગ અન્ડર આર્મ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા.૨૯ જાન્યુઆરી ૨૦૨૩ રવિવાર સવારે ૧૦ કલાકથી રાજીવ ગાંધી ટર્ફ, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ, બસ ડેપો પાસે, મુલુંડ વેસ્ટ સ્થળે કરાયું છે.

જેમાં ઓક્શન બેઝડ ટુર્નામેન્ટમાં ઓપન એજ કેટેગરીમાં તેરા કુવાપધ્ધર લાખાણીયા અને ધ્રુફીના ગામાઈઓ અને નિયાણી પરિવાર ભાગ લઈ શકશે. મેલ-ફીમેલ મિક્સ્ડ ૬ ટીમ રહેશે. પ્રતિ વ્યક્તિ એન્ટ્રી ફી રૂા.૩૦૦. ફૂડ અને જર્સી આયોજક તરફથી અપાશે.

રજિસ્ટ્રેશન જરૂરી. ગુગલ ફોર્મ ઉપર રજિસ્ટ્રેશન કરવું. રજીસ્ટ્રેશન માટેની અંતિમ તા.૫ જાન્યુ.૨૦૨૩. ઈવેન્ટ મેનેજમેન્ટ સ્પીડ સ્ટ્રોક જીગર નાગડા-૯૩૨૦૬૦૩૩૬૦. વધુ વિગત માટે સંપર્ક ચિરાગ નાગડા-૮૬૫૨૬૮૧૬૮૬, તેજસ નાગડા-૯૫૯૫૯૧૩૧૧૧




# પાલિતાણા તીર્થમાં સૂરિગુણોદય ગુરૂમંદિરની પ્રતિષ્ઠા મહાસુદ પાચમના દિને થશે





પાલિતાણા તીર્થમાં શેઠશ્રી નરશીનાથા જૈન ધર્મશાળામાં સૂરિ ગુણોદય ગુરૂમંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણતાને આરે પહોંચ્યું છે. આ ગુરૂ મંદિરની પ્રતિષ્ઠા આગામી માસે મહાસુદ ૫ વસંત પંચમીના પાવન અને શુભ દિને થશે.

ગુરૂ મંદિરના લાભાર્થી શ્રી કચ્છી દશા ઓસવાલ જીવીસી જૈન સંઘ છે.



| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

श्री घृतकल्लोल पार्श्वनाथाय नमः

# શ્રી સુથરી તીર્થે પૂજ્ય સાધ્વી ઋજુપ્રજ્ઞાશ્રી મ.સા.ના રજત સંયમ વર્ષે તથા ૧૦૮ અઠ્ઠમ તપ પૂર્ણાહુતિ મહોત્સવ અનુમોદના

શ્રી સુથરી સંઘના આંગણે સંયમ તપોત્સવ મહોત્સવ દાદાશ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની અસીમ કૃપાથી, અચલગચ્છાધિપતિ શ્રીની મહત્તર મહેરથી, ગુરૂણીઓની પાવન અમી આશિષથી જાજરમાન ભક્તિ મહોત્સવે પ.પૂ.આચાર્ય દેવેશ શ્રી વિજય મુનીચંદ્રસૂરી મ.સાહેબ આદિ સાધુ-સાધ્વીજી ભગવંતો આદિ ૨૩ ઠાણા, ગણિવર્ય પૂ.રાજરત્ન સાગરજી મ.સાહેબ આદિ ઠાણા મ.સાહેબનો ઉલ્લાસભેર પ્રવેશ તા.૧૫ ડિસેમ્બરના શુભ પ્રભાતે થયો.





વર્તમાન ચોવીસીના દાદાના નંબર પ્રમાણે ૨૩-૨૩ મહાત્મા તપાગચ્છ ને અચલગચ્છ નાની નિશ્રા પ્રવર્તક પ.પૂ.શ્રી પુણ્યોદયસાગરજી, પ.પૂ.શ્રી મુક્તિરત્ન સાગરજી, પ.પૂ.શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ.શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ. શ્રી પ્રિયંકરસાગરજી મ.સાહેબ, પ.પૂ.શ્રી ભાગ્યોદય સાગરજી મ.સા.આદિ મુનિવૃંદ ઠાણા ૧૪ તથા પ.પૂ.શ્રી સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા., પ.પૂ.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., પ.પૂ.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.શ્રી આનંદકિરણાશ્રીજી મ. સા. ઠાણા ૯ ની નિશ્રામાં પત્રિકાની સૂચિથી સવિશેષ રથયાત્રા, કુમાર પાલ મહારાજની આરતી, બે મુમુક્ષુઓની પત્રિકાના કંકુ છાંટણા આદિ પ્રસંગોની રંગત જામી.

તપ મહોત્સવે સાધુ-સાધ્વીજી ભગવંતોની ૧૦ અઠમો તથા પધારેલ શ્રાવક-શ્રાવિકાઓની ૧૨૯ અઠમો દ્વારા ઉત્કૃષ્ટ તપ આરાધના થયેલ. તપસ્વીઓને લાભાર્થી પરિવારો દ્વારા આવવા જવાની ટીકીટ ઉપરાંત તપ અનુમોદના રૂપે ૫૦૦ તથા સુથરી સંઘ તેમ જ અનુમોદકો તરફથી ૭૨૦ એકંદરે ૧,૨૨૦ ની પ્રભાવના કરવામાં આવેલ. શ્રી સુથરી સંઘ સાધારણ ફંડમાં ૨ તિથિ, વૈયાવચ્ચ ખાતામાં રૂ.૫૧,૦૦૦ થી વધુ રકમ અને જીવદયા ખાતામાં બહુમૂલ્ય લાભ લેવાયો. પ્રસંગને સફળતા પ્રદાન કરાવવામાં કર્મચારીઓ, શાસન સેવકો, લાભાર્થી પરિવારોની ભારે જહેમતની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી સુથરી તીર્થે પૂજ્ય સાધ્વી ઋજુપ્રજ્ઞાશ્રી મ.સા.ના રજત સંયમ વર્ષ તથા ૧૦૮ અઠ્ઠમ તપ પૂર્ણાહુતિ મહોત્સવ અનુમોદના









પંડિતજી અજીતભાઇ સરના ૪ કલાક સુધી રત્નત્રયીનું માર્ગદર્શન હૃદયોઉર્મિઓને ઝંકારનારૂં બન્યું.

પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ. સા., પ.પૂ.શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.ની પ્રાસંગિક પ્રેરણાઓ અને પ.પૂ.શ્રી ભાગ્યોદયસાગરજી મ.સાહેબના તાત્વિક વ્યાખ્યાનનું શ્રવણ જીવોની જ્ઞાન પિપાસાને ઉજાગર કરનારૂં રહ્યું.

સરગમના ૭ સુરો સ્વરૂપ લાભાર્થી માતુશ્રી સોનબાઇ રાયચંદ હંસરાજ ધરમશી-સુથરી, માતુશ્રી જેઠીબાઈ કુંવરજી છાડવા-માપર, માતુશ્રી રાજબાઇ નરશી છેડા-સુથરી, માતુશ્રી લધીબાઈ ચાંપશી છેડા- માપર, શ્રીમતી પ્રેમિલાબેન પદમશી કુંવરજી લોડાયા-સાંયરા,માતુશ્રી ગુણવંતીબેન/ રમીલાબેન લાલજી પ્રેમજી ગડા-દેવપર તથા માતુશ્રી તેજબાઇ વિસનજી છેડા-સુથરીના સરગમ સૂરાવલીએ સંપન્ન થયો.

વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા, સંગીતકાર કિશોર સંગાર, ઈરફાન મીર મંડળીના સથવારે ધન્યતાને પામ્યો.

**– શ્રી સુથરી જૈન સંઘ તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યો**

## પાલિતાણા મહાતીર્થથી ગિરનાર તીર્થ છ'રી પાલક સંઘની શરૂઆત થઈ

તા.૨૩ ડિસેમ્બર શુક્રવારે આદિ ઘંટાકર્ણ વાટિકા, અધોઈ ધર્મશાળા પાછળ છ'રી પાલિત સંઘની શરૂઆત પહેલાં પાલિતાણા સવારે ૮ વાગે. આરાધકોનો શત્રુંજ્ય તીર્થ પ્રવેશ બપોરે ૧૨.૩૦ કલાકે શ્રી લઘુશાંતિસ્નાત પૂજન અને પ.પૂ. ગચ્છાધિપતિ એવમ આરાધકોનો ભવ્યાતિ ભવ્ય નગરી પ્રવેશ. બપોરે ૩.૩૦ કલાકે પ.પૂ.ગુરૂ ભગવંતનો છ'રી પાલિત સંઘ યાત્રા શા માટે એ વિષય પર પ્રવચન સાંજે ૬ કલાકે તળેટી દર્શન અને ભવ્યાતિ ભવ્ય મહાપૂજન, સાંજે ૭ કલાકે પ્રભુ મિલન. સંવેદના નરેન્દ્રભાઈ નંદુ સંગીત મેઘ નંદુ. આ કાર્યક્રમની ૮.૨૨ મિનીટનો વીડિયો યુટ્યુબ લિંક https://youtu.be/JEpGGOJIlE4 ઉપર જોઈ શકાશો.

## સમસ્ત મહાજનની યુવા સમિતિની આગામી ઈવેન્ટ માટે મહારાષ્ટ્ર એકમના યુવકોની વરણી થઈ

શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ યુવા મંચના પ્રેસિડન્ટ ડૉ.સાગર એસ.લાલકાએ એક પરિપત્રક દ્વારા શ્રી સમસ્ત ક.દ. ઓ.જૈન મહાજનની યુવા સમિતિ દ્વારા આયોજિત આગામી ઈવેન્ટ માટે મહારાષ્ટ્ર એકમના વિવિધ ઝોનમાંથી યુવાનોની નિયુક્તિ કરી છે. જેમાં રાશિ છેડા (ખાનદેશ ઝોન), દોરાશ નાગડા (મરાઠાવાડા ઝોન), જતીન પટેલ (વિદર્ભ ઝોન), ઉર્વેશ દંડ (પશ્ચિમ મહારાષ્ટ્ર ઝોન) તથા સંકેત કે. શાહ (સેક્રેટરી યુવા મંચ, મહારાષ્ટ્ર એકમ) છે.

## કચ્છ પ્રદેશના ૭૨ જિનાલય તીર્થની ૨૭મી વર્ષગાંઠની અવસરે ત્રિહાન્હિકા મહોત્સવનું ભાવપૂર્વક આમંત્રણ

કચ્છ પ્રદેશના અચલગચ્છના હૃદયતણા ધબકાર એવા ૭૨ જિનાલય તીર્થે વૈશાખ સુદ ૫ સોમવાર તા.૨૪ એપ્રિલથી વૈશાખ સુદ ૭ બુધવાર તા.૨૬ એપ્રિલ સુધી ભવ્ય ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન કરાયું છે.

મહોત્સવ કાર્યક્રમના નિશ્રા દાતા સાહિત્ય સમ્રાટ, રાજસ્થાન, દક્ષિણ દિપક, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા., સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક, સરળ સ્વભાવી, અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. તેમજ વિશાળ શ્રમણ શ્રમણીવૃંદ પરિવાર અનુકુળતાએ પાવન નિશ્રા પ્રદાન કરશે.

ત્રિહાન્હિકા મહોત્સવના ઝબકારા સોમવાર તા.૨૪ એપ્રિલ ૨૦૨૩ શ્રી આદિનાથ પંચકલ્યાણક પૂજા, મંગળવાર તા.૨૫ એપ્રિલ ૨૦૨૩ જિનબિંબોના અઢાર અભિષેક, બુધવાર તા.૨૬ એપ્રિલ ૨૦૨૩ શ્રી સતર ભેદી પૂજા-ધ્વજારોહણ, દરરોજ મહોત્સવ દરમ્યાન જિનવાણી-વ્યાખ્યાન, દાદાજી ભવ્યાતિ ભવ્ય આંગી, રાત્રે ભક્તિમય ભાવના, આરતી, મંગલ દીવો.

રાષ્ટ્ર સંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના સ્વપ્નમૂર્તિ સમા બોંતેર જિનાલય મહાતીર્થની ૨૭મી વર્ષગાંઠે મંગલકારી ત્રિહાન્હિકા મહોત્સવમાં ભાગ્યશાળી દાતા પરિવારો તેમજ સમસ્ત શ્રી સંઘો અને મહાજનોને આ પ્રસંગે સહ પધારી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતના શુભાશિષ તથા પાવનકારી નિશ્રામાં અલબેલા આદિનાથ દાદાની ભાવપૂર્વક ભક્તિ કરી પુણ્યનું ભાથું બાંધવા અને ભક્તિ રસનો અનેરો લ્હાવો લેવા તથા જિનાલયની કાયમી ધ્વજા તથા દેરીના સર્વે ભાગ્યશાળી દાતા પરિવારોને વેળાસર સહ પરિવાર પધારવા શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટ અને શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરિટેબલ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટી વર્યો, પદાધિકારીઓ તરફથી ભાવપૂર્વકનું આમંત્રણ અપાયું છે.

રેલ્વેના રીઝર્વેશન કાયદા અનુસાર આપની ટિકિટો સમયસર કઢાવી લેવા વિનંતી. મહોત્સવે પધારનારાઓએ તારીખ તથા સંખ્યા અગાઉથી લેખિતમાં મોકલી જાણ કરવા વિનંતી કરાઈ છે. જે સુગમ પણે વ્યવસ્થા જાળવી શકાય.

સંપર્ક : શ્રી બહુતેર જિનાલય મહાતીર્થ, ગુણનગર, પોસ્ટ તલવાણા, તા.માંડવી કચ્છ-૩૭૦૪૬૦. ફોન : ૦૨૮૩૪૨૭૫૪૫૦, ૨૭૫૪૫૧, મો.નં.૭૦૯૬૨૭૫૪૫૦, ૭૦૪૬૨૭૫૪૫૨.

# કચ્છ જીલ્લાના પ્રજાજનોની કચ્છનાં રેલ્વે પ્રશ્નો અંગે આવેલ બાબતની પ્રબોધ મુનવર દ્વારા રજૂઆતો કરાઈ

કચ્છનાં પાટનગર ભુજને છેલ્લા કેટલાક વર્ષોથી નવી કોઇ ટ્રેન મળેલ નથી. ભુજ કચ્છનું પાટનગર હોઇ રેલ્વે સેવા વધારવી જોઇએ. ભુજ-નલીયા મોથારા કોઠારા બ્રોડગેજ રેલ્વે લાઇનનું કાર્ય તુરત પૂરૂં કરવું જોઇએ, હાલમાં આ લાઇન દેશલપર સુધી પહોચ્યા પછી કામ બંધ પડ્યું છે. આ કાર્ય માર્ચ-૨૦૧૯ માં પૂરૂં થવાનું હતું.

માંડવી-નખત્રાણા-લખપત-અબડાસા-માતાનામઢ-ના.સરોવર, કોટેશ્વર તેમજ ખાવડા-રણોત્સવ સુધીનાં માર્ગને ભુજથી બ્રોડગ્રેજ રેલ્વેથી જોડવું જોઇએ.

ભુજ રેલ્વે સ્ટેશને પીટલાઇન વધારવાની ખાસ જરૂરત છે. જેથી નવી ટ્રેનો ભુજને મળી શકે. ભુજ રેલ્વે સ્ટેશને લાંબા સમયથી લેબરો (મજુરો) ની સંખ્યા ઓછી છે. ટ્રેન આવે છે ત્યારે મુસાફરોને મુશ્કેલી વેઠવી પડે છે.

ભુજ થી હરીદ્વાર, ભુજથી હૈદ્રાબાદ તથા ભુજથી ચેન્નઇ (મદ્રાસ) ની ટ્રેનો શરૂ કરવાની કચ્છીઓની માંગણી છે જે સંતોષવી જોઇએ.

ગાંધીધામ જોધપુર, ગાંધીધામ-હાવડા ટ્રેનોને ભુજ સુધી લંબાવવી જોઇએ. ગાંધીધામ સુધી આવતી ટ્રેનોને ભુજ સુધી લંબાવવાની જરૂર છે. ભુજ-સૂરત રાત્રી ઇન્ટરસીટી ટ્રેન શરૂ કરવી જોઇએ.

બ્રાન્દ્રા - ભુજ એ.સી. એકસપ્રેસ ટ્રેનને ડેઇલી કરવા અનેક વખત રજૂઆતો થઇ છે. ભુજથી અમદાવાદ, ભુજથી રાજકોટ, ભુજથી ભાવનગર, ભુજથી જામનગર, ભુજથી દ્વારકા, ભુજથી સોમનાથ લોકલ ટ્રેનો દોડવવી જોઇએ. આ પણ લાંબા સમયની કચ્છવાસીઓની રજૂઆત છે.

ભુજ-મુંબઇ વચ્ચે નવી એક ટ્રેન શરૂ કરવાની જરૂર છે. મુંબઇની ટ્રેનોમાં રીઝવેશન કાયમી ફુલ રહે છે. ભુજમાં આવેલા જૂના રેલ્વે સ્ટેશનનો વિકાસ કરવો જોઇએ. અહીં રેલ્વે વર્કશોપ અથવા ટ્રેનો ઉભી રાખવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

ભુજ રેલ્વે સ્ટેશને માલ ગાડીઓ માટે માલ ખાલી કરવા પતરાનાં શેડ ઉભા કરવા જરૂરી છે. વેકેશન તથા વાર-તહેવારની સ્પેશીયલ ટ્રેનો ભુજ સુધી દોડાવવી જોઇએ.

માંડવી બીચ, સફેદ રણ, સ્મૃતિવન મેમોરિયલ, રિજિયોનલ સાયન્સ સેન્ટર, વંદે માતરમ, રક્ષકવન, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, હાજીપીર વિગેરે જોવા લાયક સ્થળો અને યાત્રાધામો પશ્ચિમ કચ્છમાં આવેલા છે. અહીં રેલ્વે સેવા વિસ્તારવાની ખાસ જરૂરત છે. જેથી દૂર-દૂરથી અને વિદેશથી આવતા પ્રવાસીઓને રેલ્વે સેવાનો લાભ મળી શકે.

કચ્છ જીલ્લાની પ્રજાજનોની આવેલ રજૂઆતો આપશ્રી સાહેબ સુધી પહોંચાડેલ છે.

એવું લેખિત પત્રમાં સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને ડિવીઝનલ રેલવે યુઝર્સ કન્સલટીટિવ કમિટીના સભ્ય પ્રબોધ હીરાચંદ મુનવરે ડિવીઝનલ રેલવે મેનેજર પશ્ચિમ રેલ્વેને સંબોધીને લખેલ પત્રમાં માંગ કરી છે. સદર પત્રની નકલ સંસદ સભ્ય વિનોદ ચાવડા, ડિવીઝનલ કમર્શીયલ મેનેજર પશ્ચિમ રેલ્વે અમદાવાદ તથા એ.આર.એમ.પશ્ચિમ રેલ્વે ગાંધીધામને પણ મોકલી છે.

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ભૂમિરાજ કપ ૨૦૨૩નું આયોજન




ભૂમિરાજ કપ ૨૦૨૨ની અત્યાધિક સફળતા બાદ શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા ડબલ એક્સાઈટમેન્ટ, વધુ આનંદ-મોજ અને રોમાંચ આપતી નવા ફોર્મેટ સાથેની ક્રિકેટ ટૂર્નામેન્ટ ભૂમિરાજ કપ ૨૦૨૩નું આયોજન તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ રવિવારના કરાયું છે. ટૂંક સમયમાં વધુ વિગત સાથે માહિતી આપની સાથે શેર કરીશું તો ત્યાં સુધી તૈયાર રહો, સજ્જ રહેજો.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj
The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# રેલ્વેની ડી.આર.યુ.સી.સી. ની અમદાવાદમાં મળેલ બેઠકમાં કચ્છનાં રેલ્વે પ્રશ્નોની રજૂઆત કરાઈ



ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી ડી.આર.યુ.સી.સી. કમિટીની બીજી મીટીંગ ડી.આર.એમ. ઓફિસ સભાગૃહ નરોડા અમદાવાદ મધ્યે ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી તરૂણકુમાર જૈનની અધ્યક્ષતામાં રેલ્વેનાં ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં પશ્ચિમ કચ્છનાં રેલ્વેને લગતા અનેકવિધ પ્રશ્નોની રજૂઆત કરાઇ હતી.

સમસ્ત મહાજનના ટ્રસ્ટી તથા રેલ્વે વિસ્તરણ અને કચ્છ પેસેન્જર્સ એસોસિએશન ભુજનાં પ્રતિનિધિ શ્રી પ્રબોધ મુનવરે ભુજ રેલ્વે સ્ટેશને પીટલાઇના વધારવા, માંડવી શહેરને રેલ્વે સેવાથી જોડવા, રાજકોટ, અમદાવાદની ભુજથી લોકલ ટ્રેનો શરૂ કરવા, ભુજનાં જૂનાં રેલ્વે સ્ટેશનનો ઉપયોગ કરી ભુજમાં રેલ્વે સેવાનો વ્યાપ વધારવા, ભુજ રેલ્વે સ્ટેશને રેલ્વે લેબરોની સંખ્યામાં વધારો કરવા રજૂઆતો કરી હતી.

સભ્ય અને વિંઝાણના શ્રી કિશોરસિંહ જાડેજાએ ભુજ-નલીયા બ્રોડગેજ રૂપાંતર કાર્યને ઝડપથી બનાવવા, કામમાં ઝડપ લાવવા, હરિદ્વારની ટ્રેન જલ્દી શરૂ કરવા તથા ભુજનાં જૂનાં રેલ્વે સ્ટેશનનો ડેવલોપ કરવા રજૂઆતો કરી હતી.

ડી.આર.એમ. શ્રી જૈને જણાવ્યું હતું કે, ભુજ-હરિદ્વાર ટ્રેન માટે રેલ્વે બોર્ડ સુધી રજૂઆતો પહોંચાડી દેવામાં આવી છે. માંડવીને રેલ્વે લાઇનથી જોડવા સર્વે હાથ ધરાશે. ૫૦ હજાર ઉપર વસ્તી ધરાવતા શહેરોને રેલ્વે સેવાથી જોડવાનાં પ્રયત્નો ચાલુ છે તેવું જણાવ્યું હતું.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પુનશીભાઈ સાયલા**
તા.૨૭ ડિસેમ્બર (ઉ.૮૨)
તેરા-હૈદ્રાબાદ



**કિશોરભાઈ લોડાયા**
તા. ૨૯ ડિસેમ્બર (ઉ.૮૨)
મોટી સિંધોડી-ઉજ્જૈન



**હિરાચંદ લોડાયા**
તા.૨૫ ડિસેમ્બર (ઉ.૭૩)
દલતુંગી-ભીલવારા



**હીરબાઈ નાગડા**
તા.૩૦ ડિસેમ્બર (ઉ.૭૦)
રાપરગઢવારી-દાવડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**





# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● અબડાસા તાલુકા મુખ્ય મથક નલિયા ખાતે દસ લાખના ખર્ચે નિર્માણ પામનારા જીએમડીસીની ગ્રાન્ટમાંથી ચેમ્બર હોલ ધારા સભ્ય પ્રદ્યુમન સિહ જાડેજાના પ્રયાસોથી મંજૂર થયું જે છ માસમાં પૂર્ણ થશે. ગામના વિવિધ સમાજોના આગેવાનોએ સૂચિત મેમ્બર હોલની પ્રથમ આધાર શિલા મૂકી હતી. ચેમ્બર હોલ માટે મોકાની જમીન ગ્રામપંચાયતે ફાળવી છે.

● સોઢા શરણાર્થી તરીકે કચ્છમાં સ્થાઈ થયેલા ચન્દુનગર તેમજ ૧૯૯૬માં નવા નગર કેમ્પ પાન્ધ્રો ખાતેના ખાનજી રાણાજી સોઢાના પુત્ર હરિસિંહ સોઢા ગાંધીનગર સચિવાલયમાં ઉપ સચિવપદે બઢતી મેળવી છે. હરિસિંહ સોઢા જીટીહાઈસ્કૂલ કોઠારાથી એસ.એસ.સી. પછી એચ.એસ.સી તેમજ ઈન્જીનીયરીંગનો અભ્યાસ વલ્લભ વિદ્યાનગર, ભાવનગર ખાતે કર્યો હતો. ત્યારબાદ કચ્છમાં પહેલા ટેલિકોમ ઓફિસર બન્યાં. ૨૦૧૬માં યુપીએસસી પાસ કરી. ઈન્ટરવ્યુમાં સફળ થઈ ઉપસચિવ પદે નિમણુંક પામ્યાં છે. તેમને નાનપણથી જ ભણવાનો શોખ હતો. પાન્ધ્રો ખાતે પિતાજીની પાનની કેબીને મદદરૂપ થતા અને રાત્રે ફાનસના પ્રકાશમાં શિક્ષકે આપેલું લેશન કરતા અને ભણતા.

● અંજાર તાલુકાના ખેડોઈ ગામના હેમાંગ પ્રેમજીભાઈ ઠક્કર અને તેમના ધર્મપત્ની પ્રીતિબેન વર્ષોથી મુંબઈમાં સ્થાઈ થયાં છે. ૬૦ વર્ષની ઉંમરે આ દંપતિ વિવિધ ૨સ દેશોમાં પસાર થઈ. પંચાવન દિવસ જમીન માર્ગે મોટરકાર દ્વારા વાહન હંકારી ૧૬૦૧૧ કિલો મીટરના સાહસિક પ્રવાસ પછી લંડન પહોંચ્યા હતા. સામાન્યપણે હેમાંગભાઈ ઠક્કર ૧૦ થી ૧૨ કલાક રોજના ડ્રાઈવીંગ કરતા હતા. એક દિવસમાં સૌથી વધુ ૯૩૦ કિલોમીટર અંતર તેમણે કાપ્યું હતું. આ પ્રવાસમાં ૧૦ મોટરકારમાં કુલ્લ ૨૩ સાહસિક સામેલ થયાં હતાં.


● મૂળ માંડવી તાલુકાના ફરાદી ગામના અને હાલે દુબઈને કર્મભૂમિ બનાવનારા અનિલ મણિશંકરભાઈ પેથાણી એ બનાસકાંઠા જિલ્લાના વારાદી ગામે આવેલી જીવદયા ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ભીડ ભંજન હનુમાનજી ગૌશાળામાં રૂા.૧ કરોડ ૫ લાખનું દાન આપી ગૌશાળાની ૭૦૦ જેટલી ગૌમાતાઓને દતક લઈ માનવ ધર્મ બજાવ્યો છે. તેમના પિતા સ્વ.મણિશંકર હીરજી પેથાણીએ પણ સ્થાનિક ગામ ઉપરાંત તાલુકા જિલ્લાના ઘણા ખરા સ્થળોએ ગૌ સેવા માટે છૂટા હાથે દાન આપી સેવાની સરવાણી વહેડાવી હતી.

● ભુજના જાણીતા ચિત્રકાર લાલજીભાઈ એન.જોષીની બે ચિત્રકૃત્તિ દેશના સીમાડા ઓળંગી સ્પેનમાં કૌડેટ શહેરમાં કૌડેટ કલર ફેસ્ટિવલમાં પ્રદર્શન માટે પસંદગી પામી હતી. કૌડેટ નગરના મેયર અને ભારતીય રાજદૂત અને ત્યાંના સરકારી અધિકારીઓ સાથે ચિત્ર પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું હતું. ગુજરાતના ફક્ત એક ભુજના લાલજીભાઈ જોષી અને સાથે ૧૮ ભારતીય કલાકારોના ચિત્રોને સન્માન આપવામાં આવ્યું હતું.

● ભારત સરકારના જળ મંત્રાલય દ્વારા નવી દિલ્હી ખાતે ૭મા ભારત જળ સપ્તાહનું આયોજન કરાયું હતું. જેમાં જળસંગ્રહ અને તેને બચાવવા માટેનું વ્યાખ્યાન આપવાનો અવસર કચ્છના ભાડા ગામના હાલે મોટી ખાખર રહેતા હીરાબેન દેવાંધભાઈ ગઢવીને મળ્યું હતું. પાંચ ધોરણ ભણેલા હીરાબેન ગઢવી છેલ્લાં ત્રણ વર્ષથી એરિટ કોમ્યુનિટી એન્ડ ટેકનોલાજી સંસ્થા સાથે જોડાયેલા છે. તેમણે જળ બચાવવા ૧૯ ગામની ૫૦૦ જેટલી બહેનોને આ કાર્યમાં જોડી છે. ઈન્ડિયા વોટરવીકમાં આખા ભારતમાંથી પાણી ઉપર વક્તવ્ય આપવા બે જ મહિલાઓની પસંદગી કરવામાં આવી હતી. હીરાબેન એમાંના એક હતા. તેમના સંભાષણથી રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ પ્રભાવિત થયા હતા.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)